# JSW સિમેન્ટ શીવા સિમેન્ટના પ્રમોટર્સનો હિસ્સો લેશે

**નવી દિલ્હી:** જેએસડબલ્યુ સિમેન્ટ જે ૧૧ અબજ ડોલરના જેએસડબલ્યુ ગ્રૂપની કંપની છે તેણે ઓડિશા સ્થિત શીવા સિમેન્ટમાં શેરધારકોનો ૩૨ ટકા હિસ્સો ઓપન ઓફર હેઠળ ખરીદશે. શીવા સિમેન્ટે બીએસઈને કરેલી જાણ અનુસાર પ્રમોટર્સ પાસે રહેલા શેરો અને જેએસડબલ્યુ સિમેન્ટ વચ્ચે શેર પરચેઝ એગ્રીમેન્ટ થશે. જેએસડબલ્યુ સિમેન્ટ ઉપરાંત બે અન્ય પ્રાઇવેટ કંપનીઓ દ્વારા પણ શેરો હસ્તગત કરવા માટેની ઓપન ઓફર કરવામાં આવી હતી. કંપનીમાં ૩૨ ટકા હિસ્સો હસ્તગત કરવા માટે રૂ. ૮૭.૩૬ કરોડનો ખર્ચ થશે.